## શ્લોક : ૯

### કેતુ ગ્રહનો મંત્ર અને સુત્રમણિ (લસણિયો, વૈદૂર્ય) રત્ન (કેટ્સ આઇ, ક્રીસોલાઇટ)

કેતુ ગ્રહની બાધકતા દૂર કરવા શ્રી રઘુનાથજીના ધ્યાન સહિત જપ કરવા. જ્યારે અયોધ્યામાં કેતુનો દુષ્કાલ પડ્યો ત્યારે શ્રી રામચન્દ્રજીએ સિધ્ધિરૂપી અપ્સરાને બોલાવી અને એ પ્રકારે શ્રી રઘુનાથજી (શ્રીરામ) ની કૃપાથી જગત ફરીથી હરિયાળું બન્યું. તેવી જ રીતે વૈષ્ણવને માટે જ્યારે કેતુની ક્રૂર બાધા હોય ત્યારે શ્રી રઘુનાથજીનું (પંચમલાલજીનું) ધ્યાન સહિત જપ કરવાથી તે દૂર થાય છે.

ગ્રહ : કેતુ , ગ્રહ નું નામ : શ્રી રઘુનાથજી , શાંતિ માટે જપની સંખ્યા : ૯૮૦૦૦
ઠાકોરજીને ભોગની સામગ્રી : ચુરમા ના લાડુ.
૯૮ વૈષ્ણવોને પ્રસાદ લેવડાવવો , ગ્રહ નો પ્રભાવ : ૧૮ મહિના
સેવનીય સ્વરૂપ : શ્રી ગોકુલચંદ્રમા , ગાદી : ૫ , ગાંવ : કામવન







તસ્માત્ સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણઃ શરણં મમ ।
વદદ્ભિરેવ સતતં સ્થેયમિત્યેવ મે મતિઃ ।।૯।।
ઈતિ શ્રીમદ વલ્લભાચાર્ય વિરચિતં નવરત્નં સમ્પૂર્ણમ્ ।

શબ્દાર્થ : તસ્માત્ =તેથી, તે માટે, સર્વાત્મના =સર્વાત્મ ભાવથી, નિત્યં =નિરંતર, શ્રીકૃષ્ણઃ શરણં મમ =“શ્રી કૃષ્ણ મારૂં શરણ છે” એ અષ્ટાક્ષર મંત્ર, વદદ્ભિઃએવ =એમ બોલતાં જ, સતતં =હમેશાં, સ્થેયમ્ =રહેવું, ઈતિ =એમ, એવી, એવ =જ, મે =મારૂં, મારી, મતિઃ =માનવુંછે, બુધ્ધિ છે.

ભાવાર્થ : ચિંતા અને ઉદ્વેગ ત્યજવા ઘણાં મુશ્કેલ છે માટે એની નિવૃતિ અર્થે શ્રી કૃષ્ણઃ શરણં મમ (અષ્ટાક્ષર મંત્ર) મંત્રનો જપ હમેશાં સર્વાત્મ ભાવથી કરતા રહેવું અને પ્રભુની સેવા પરાયણ થઇને રહેવું એવી જ કલયુગમાં ભગવદ્ ઈચ્છા છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ રચેલું નવરત્નમ્ સંપૂર્ણ થયું.